# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર અને કૃષિ સંશોધન કેન્દ્ર, મુવાલીયા ફાર્મ, દાહોદનાં સંયુક્ત ઉપક્રમે હલકાં ધાન્ય પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ વિષય ઉપર એક દિવસીય તાલીમ વર્ગ યોજાયો

**આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર અને કૃષિ સંશોધન કેન્દ્ર, મુવાલીયા ફાર્મ, દાહોદનાં** સંયુક્ત ઉપક્રમે તારીખ **૨૮/૦૬/૨૦૨૩** ના રોજ **હલકાં ધાન્ય પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ** વિષય ઉપર એક દિવસીય તાલીમ વર્ગનું અયોજન કરવામાં આવેલ. આ તાલીમવર્ગ ની શરૂઆત દીપ પ્રાગટ્ય તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટી ના પ્રેરણા ગીત થકી કરવામાં આવી ત્યાર બાદ કૃષિ સંશોધન કેન્દ્ર, મુવાલીયા ફાર્મના વડા **ડૉ. આર. જી. મછાર** દ્વારા પ્રાસંગીક ઉદબોધન થકી **સંશોધન તેમજ વિસ્તરણની** વિવિધ પ્રવૃતિઓ વિશે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા તેમજ હલકાં ધાન્ય પાકોની ખેતી પધ્ધતિ અંગે વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવી. આ એક દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ **ડૉ. સી. જે. પટેલ** દ્વારા હલકાં ધાન્ય પાકોમાં સંકલિત પોષણ વ્યવસ્થાપન, **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા પ્રથમ હરોળનાં નિદર્શનની અગત્યતા અને **ડૉ. એકતા પંડ્યા** દ્વારાં હલકાં ધાન્ય પાકોનું મૂલ્યવર્ધન જેવા જુદાં જુદાં વિષયો ઉપર ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ . વધુમાં સ્ટ્રેન્ધનીંગ એડેપ્ટીવ રીસર્ચ ઇન ઓલ એગ્રો ક્લાઇમેટીક ઝોન ઓફ એ.એ.યુ. યોજના અંતર્ગત દેવગઢ બારિયા તાલુકાના જુદા જુદા ગામનાં **૪૦** જેટલા ખેડૂત મહિલાઓને કોદરાની નવીન જાત **GK-4** નું બિયારણ નિર્દશનના રૂપમાં આપવામાં આવ્યું. આ સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન **ડૉ.એચ.કે.દેસાઇ** અને **શ્રી. આરિફ શેખ** દ્વારા કરવામાં આવેલ.









